ગાંધીનગર સમાચાર






## સલામી સવારની..

*કહે છે કોણ ! કોરોના પર આપણો કાબૂ નથી ?*
*ટેસ્ટ, કોમ્પ્યુટર સૌ કહ્યું કરે છે, બેકાબૂ નથી -*
*સારવાર, મોતની સંખ્યા તાળે તંત્રના હાથમાં*
*ડરો નહિં ! કોરોના સામે યુદ્ધ બહુ લાંબૂ નથી !*
*(માહિતી પર સરકારી કાબૂ)*

હાઈકુ

*વર્તે છે ચેપ,*
*કાર્યકરની જેમ -*
*છે આજ્ઞાંક્તિ...*

*છે તંત્ર પાસ -*
*લ્યો ! જાદુઈ લાકડી,*
*લાવે ને ગૂમ !!*

*(દર્દી રીકવર થાય ને મરી પણ જાય!)*

## ચિંતન

*ન ભેદં જનયે યુવૈ નૃનાર્યોઃ સ્વામિ ભૃત્યયો ।*
*ભ્રાતૃણાં ગુરુશિષ્યાણાં ન કર્યુઃ પિતૃ પુત્રયો ॥*

**ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.**

**પતિ-પત્ની, સ્વામી-સેવક, ભાઈ-ભાઈ, ગુરુ-શિષ્ય, પિતા-પુત્ર, સાસુ-વહુ, બહેનો અને અન્ય પારિવારિક સંબંધોમાં વિખવાદ ઊભો થાય તેવું વર્તન કરવું જોઈએ નહીં. કુટુંબ પરિવારમાં સંબંધોમાં ભાગલા-ફૂટ પડે એવો વહેવાર પણ કરવો જોઈએ નહીં.**

**સંબંધો નિર્વ્યાજ નિખાલસ હોય, કોઈ પણ જાતની આશા - અપેક્ષા ન હોય, સંબંધમાં સ્તર ભેદ ન હોય, અમે ગરીબ-તમે ધનિક,અમે સત્તાધારી તમે ગુલામ આવા ભેદભાવ ન હોય, અમુક વાત કહેવી અમુક છુપાવવી આવા અંતર રહેતાં હોય ત્યાં સંબંધોમાં નિખાલસતા રહેતી નથી.**

**ક્ષમા, ધીરજ,ત્યાગ, સહનશીલતા, હોય તો જ સંબંધોમાં નિકટતા અમે નિખાલસતા આવે.**

## સુવિચાર

- ખુદા બદલ ન સકા આદમી કો આજ ભી યારો ઔર
  અબતક આદમી ને સેંકડો ખુદા બદલે - **ફૈઝલ ખાન**
- આ દુનિયામાં ભગવાનને યાદ કરવા વાળા સારા કર્મો કરવા વાળા વધારે સુખી છે - **એસ. ભટ્ટાચાર્ય**
- છે અકળ બધી એની હિલચાલો, મન સમું છે કોણ બીજું મુત્સદી ?? - **અશોક ગોસ્વામી**
- પ્રેમ કે મૈત્રીમાં મૌન રહી પેદા થતો વિશ્વાસ શાબ્દિક પ્રસ્તાવ
  કરતા વધુ બોલકો હોય છે - **ડો. રઈશ મણિયાર**
- અહંકારની પાઘડી માથા પરથી ઊતરી જાય તો,
  મોટામાં મોટી સમસ્યા 'પા-ઘડી' માં ઉકલી જાય - **ભીખુદાન ગઢવી**
- આપણે ફક્ત બે પ્રકારના છીએ... સારા અને ખુબ સારા...
  વધઘટ સંજોગોને આધિન હોય છે - **કાજલ ઓઝા વૈદ્ય**
- આજનું ઔષધ : તલના તેલનું પોતું મૂકી પાટે બાંધવાથી ઝખમ જલદી રુઝાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

## બોધકથા

શિક્ષણ ગમે એટલું લીધું હોય, પણ ખરા સમયે જે મદદ કરે એ જ સાચું જ્ઞાન. મુશ્કલીના સમયે તમારી પાસે જે હાજર હોય એ જ તમારું સાધન. લશ્કરી ટ્રેનિંગમાં ઘણી બધી ટેકનિક શીખવવામાં આવે, પણ યુદ્ધ સમયે તો આખરી નિર્ણય દરેક સૈનિકે કેમ લડવું એ પોતે જ લેવો પડે. રાજાએ દરબારીઓને પ્રશ્ન પૂછ્યો. 'કયું સાધન સૌથી શ્રેષ્ઠ?' કોઈક કહે : 'તીર' કોઈ કહે : 'તલવાર' કોઈક કહે : ભાલો કોઈક કરી, 'ખંજર,' ચતુર મંત્રીનો જવાબ હતો, 'અણીના સમયે જે હાજર હોયએ જ શ્રેષ્ઠ હથિયાર' રાજા કહે 'આવો અસ્પષ્ટ જવાબ નહીં ચાલે પુરવાર કરી બતાવો.' મંત્રીએ કહ્યું, 'આવતીકાલે આપણે કોઈ પણ જાતના હથિયાર વગર જંગલમાં લટાર મારવા જઈએ. અને ત્યાં હું આપને મારા ઉત્તરની સ્પષ્ટતા કરીશ.' રાજા અને મંત્રી જંગલમાં નિકળ્યા. સામેથી એક પાગલ આખલો દોડતો આવ્યો. બંને ગભરાયા. કોઈ સાધન તો હતું નથી. મંત્રીએ તરત જ પોતે પહેરેલી લાલ પાઘડી ઉતારી અને ઝાડ ફરતે બાંધી દીધી. આખલો લાલ રંગ જોઈને વધુ ભડક્યો અને ઝાડ પર માથુ અથડાવીને ઝાડ સાથે યુદ્ધ કરવા લાગ્યો. બે ચાર વાગ એમ કરવાથી એ લોહીલુહાણ થઈ ગયો અને ત્યાંથી ચાલ્યો ગયો. મંત્રીએ કહ્યું, 'મહારાજ જોયું.... મારી પાઘડી કંઈ હથિયાર નથી, પણ અત્યારે પાઘડી જ કામ આવીને !!' જયારે આપણને એવું લાગે કે હવે નહીં બચી શકાય પણ એ વખતે સાબૂત અને સજાગ મન એમાંથી બચવાનું હથિયાર શોધી કાઢે તો જિંદગી બચાવવાની પણ તક મળી જાય.

# લૉકડાઉનનો વધુ એક દોર કે પૂર્ણાહૂતિ

તંત્રીસ્થાનેથી...

વિશ્વ કોરોના સંક્રમણથી સ્થગિત થઈ ગયું છે. ફક્ત ચીન અને બીજા થોડા એવા દેશો કે જયાંની પ્રજાએ પ્રતિબદ્ધતા દાખવીને મેડિકલ સાયન્સની ગાઈડલાઈન પાળી તે દેશોમાં આર્થિક સહિત તમામ પ્રવૃત્તિઓ ફાલીફૂલી છે. સૌથી મોટી મહાસત્તાને એક બટકબોલા રાષ્ટ્રપ્રમુખ મળ્યા છે જે કયારેક શું બોલી નાખે છે એનુંય એમને ભાન નથી રહેતું. અમેરિકાએ કોરોનામાં વિશ્વવિક્રમ નોંધાવ્યો છે. કહેવાતા મહાન દેશની પ્રજાનું અને રાજાનું પોત પરખાઈ ગયું છે. સંક્રમણની સમાંતરે આક્રમણની તૈયારીઓ પણ ચાલી રહી છે. ડોલાન્ડ ટ્રમ્પ લુચ્ચા ચીનને પાઠ ભણાવવા કોઈ પણ હદે જઈ શકે છે. ભારત અને ચીન વચ્ચેના સીમા વિવાદમાં વગર બોલાવ્યા મધ્યસ્થી કરવાની ઓફર કરી ત્યારે બેઉ પાડોશી અને પ્રતિસ્પર્ધી રાષ્ટ્રોએ એમને એકસરખો ઉત્તર વાળ્યો છે : અમારી રીતે અમે આ મુદ્દો હલ કરી દઈશું, આપશ્રીને તકલીફ લેવાની જરૂર નથી. કાશ્મીર મુદ્દે પણ ટ્રમ્પ વણનોતર્યા મધ્યસ્થી માટે કૂદી પડવા તલપાપડ થઈ રહ્યા હતા. ભારતે સ્પષ્ટ શબ્દોમાં એમને ખમૈયા કરવાનું કહેવું પડ્યું હતું. ટ્રમ્પ વારંવાર કોરોનાને ચીનની કમનસીબ ભેટ તરીકે ઓળખાવતા રહ્યા છે. તે મહદંશે સાચું પણ છે. વિશ્વની બીજા નંબરની મહાસત્તા માટે આથી વધુ અપમાન બીજું કયું હોઈ શકે ? ટ્રમ્પ આગામી ટર્મ માટે ચૂંટણીમાં પોતે સક્ષમ રાષ્ટ્રનાયક હોવાની પ્રતીતિ કરાવવા આવાં ગાંડાઘેલાં વિધાનો કરતા રહે છે. ચીન સાથેના વેપાર પર પ્રતિબંધો સહિતનાં પગલાં લઈ રહ્યા છે. અમેરિકનોને વધુ તકો મળે એ માટે વિદેશીઓના વિઝા પર નિયંત્રણો મૂકી રહ્યા છે. અમેરિકામાં બેરોજગારી કલ્પના બહાર વધી ચૂકી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ટ્રમ્પ સતત વખાણ્યા કરે છે કારણ કે મોદીએ 'નમસ્તે ટ્રમ્પ' જેવા મેગા ઈવેન્ટ યોજી ટ્રમ્પને દુનિયામાં બીજે કયાંક ન મળ્યું હોય એવું બહુમાન આપી ઉપકૃત કરેલા છે. પરંતુ અમદાવાદમાં કોરોનાએ જે મજબૂત પગદંડો જમાવ્યો છે એના મૂળમાં પણ આ મેગાઈવન્ટ હોઈ શકે છે - એવી એક માન્યતા દિનપ્રતિદિન દઢીભૂત થતી જાય છે. તબલીગીઓ પર દોષનો આખેઆખો ટોપલો ઢોળવામાં અમદાવાદીઓને પણ થોડો સંકોચ અને અવિવેક લાગી રહ્યો છે.

લોકડાઉનના ચાર તબક્કા પૂરા થવા આવ્યા છે ત્યારે હવે પછી શું ? - એવી ધારાવાહિક નવલકથાના પ્રકરણ જેવી ઉત્સુકતા બે સવા બે મહિનાથી કંટાળી ગયેલી જનતાને રહે જ. પરંતુ હવે મોદી બૅકફૂટ પર આવી ગયા છે. એમને બેટ અમિત શાહને પકડાવી દીધું છે. ટેસ્ટીંગ ઓછું કરી ઓછા કેસ બતાવવાથી કશી ભલીવાર આવી નથી. ગુજરાત મોદી અને અમિત શાહનું હોમ સ્ટેટ છે. જયાં હજી કોરોનાનો પ્રકોપ શાંત પડવાનું નામ લેતો નથી. અમદાવાદ જેવા શહેર ભાજપના પ્રમુખ પોતે કોરોનામાં સપડાયા છે. સાહિત્ય જગતના મોભી રઘુવીર ચૌધરીએ જીવનસાથી ગુમાવ્યાં છે. કોરોનાગ્રસ્ત ગુજરાત માટે ભાજપ શાસિત કર્ણાટકે પ્રવેશબંધી ફરમાવી દીધી છે. આ તમામ સંજોગો જોતાં લોકડાઉનનો પાંચમો તબક્કો ઘડી કાઢવો કે દઈનો ઘોડો રામભરોસે છુટ્ટો મૂકી દેવો તેની અવઢવમાં અમિત શાહે રાજયોના મુખ્યમંત્રીઓ સાથે મુદ્દે ચર્ચા કરી લીધી છે. ૨૦૨૪ની ઘણી વાર છે. પરંતુ કોરોનાને કારણ ખાડે ગયેલ અર્થતંત્ર, મજૂરવર્ગ પડેલી હાલાકી અને વિવિધ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ પાસેથી કોરોના ખાળવા કરેલું દેવું એટલું જંગી છે કે આગામી લોકસભામાં રામ બહુ કામમાં નહીં આવે. બેઉ ગુજરાતી નેતાઓ આટલું તો સમજી જ ગયા છે.

# અબ મરે હુએ કો ઔર ક્યાં મારોગે સાહબ !

**અબ મરે હુએ કો ઔર ક્યાં મારોગે સાહબ !**

**- વેલકમ બેક**




અનીસ બાઝમી દિગ્દર્શિત 'વેલકમ બૅક' ૨૦૧૫માં રીલીઝ થઈ હતી. આ ફિલ્મ ઈ.સ. ૨૦૦૭ માં આવેલી 'વેલકમ' ની સિકવલ હતી. કમનસીબે આ સિક્વલ પહેલા ભાગ જેવી સુપરહીટ નીવડી નહોતી... નાના પાટેલકર, અનિલકપૂર, પરેશ રાવલ, જોન અબ્રાહમ, ડિમ્પલ કાપડિયા, શ્રુતિ હાસન, નસીરુદીન શાહ જેટલા અધધ... કલાકારોનો જમાવડો આ ફિલ્મમાં હતો. પરંતુ પહેલા ભાગમાં અક્ષયકુમાર અને કેટરીના કૈફની જોડીએ વધુ સાહજીકતાથી હસાવ્યા હતા

આ ફિલ્મના સંવાદ રાજ શાંડિલ્યએ લખ્યા હતા... અને ઉપરોક્ત સંવાદ ફિલ્મમાં રાજપાલ યાદવના મુખે બોલાવાયો છે. આમ તો આ સંવાદ અઢળકવાર અનેક ફિલ્મોમાં ઉપયોગમાં લેવાયો છે, અને રોજિંદા જીવનમાં પણ આપણે કહેવત કે રૂઢિપ્રયોગના સ્વરુપમાં આ સંવાદનો ઉપયોગ કરીએ છીએ....

ઈ.સ. ૨૦૧૫ ની કે (ઈ.સ. ૫૫૦ થી ૬૧૦ની વચ્ચે) હમણાં કહેવાયેલી આ વાત નથી. પરંતુ ઈ.સ. છઠ્ઠી શતાબ્દીમાં થઈ ગયેલા મહાકવિ ભારવિની ઉત્તમ રચના 'કિરાતાર્જુનીયમ્' મહાકાવ્યના ૧૫માં સર્ગના છઠ્ઠા શ્લોકની પંક્તિ પણ આવું જ કંઈક સમજાવી જાય છે.

**નાતિપીડયિતું ભગ્નાનિચ્છન્તિ હિ મહૌજસઃ ॥**

કારણ કે મહાવીરો જે તૂટી ચૂક્યા છે, ભાંગી પડ્યા છે તેમને અધિક પીડા આપવાનું નથી ઈચ્છતા.

'મરેલાને વધુ શું મારવો' આ ઉક્તિ કોઈ ગુનો કરીને સજા ભોગવતા વ્યક્તિ માટે અથવા અત્યંત દુઃખને વરેલા વ્યક્તિ માટે પ્રયોજવામાં આવે છે, જયારે તે પાપ કર્યાના બોજથી અધમુઆ જેવી દશાને પ્રાપ્ત થયો હોય છે, ત્યારે વળી જો તેને કોઈ ઉપાલંભના વચનો સંભળાવે તો કોઈ શાણો માણસ અથવા તે ભાંગી પડેલો વ્યક્તિ સ્વયં આ ઉક્તિ બોલે છે.

પરંતુ અહીં રોચક વાત એ છે કે 'સંસ્કૃત સાહિત્ય પાસે' હર મર્ઝ કી દવા હૈ. છેક પાંચમી સદીના અંતમાં ભારવિની એકમાત્ર ઉત્તમ કૃતિમાં આ જ અર્થસામ્યવાળું વાક્ય મળી આવે છે તે, સંસ્કૃત સાહિત્યનું અમરત્વ દર્શાવે છે.

૧૮ સર્ગોમાં વહેંચાયેલું આ મહાકાવ્ય ૧૦૪૦ શ્લોકથી સંપન્ન છે.

- jayuoza@gmail.com, Mo.9898046488

# રવિવારે ચિલ્ડ્રન યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા રાષ્ટ્રીય વેબિનાર પર 'વાંચનયજ્ઞ'




- 'સાહિત્યવૃત્ત'

'કોરોના કહેર' અને ૧૪૪ની કલમને અનુલક્ષીને, લોકો ભેગા ન મળે તે માટે, ચિલ્ડ્રન યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા રાષ્ટ્રીય વેબિનાર પર 'વાંચનયજ્ઞ' તારીખ ૩૧-૫-૨૦૨૦ ના રોજ સવારના ૧૧થી બપોરના ૨-૦૦ સુધી, શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા,માન.શિ.મંત્રી; શ્રીમતિ અંજુ શર્મા, IAS; શ્રી હર્ષદ પ્ર.શાહ-કુલપતિ અને મહાદેવભાઈ દેસાઈ-વાંચે ગુજરાતની ઉપસ્થિતિમાં વેબસાઈટ www.cugujarat.ac.in પર યોજાશે. જેમાં વેબિનાર સંયોજક તરીકે ડૉ.પ્રશાંત પટેલ અને વેબિનાર સમન્વયક તરીકે શ્રી સંજય પટેલ અને ડૉ.ભૈરવીબહેન દીક્ષિત રહેશે.

જેની નોંધણી લિંક :https://bit.ly/2zpUP8 ઉપર કરાવવાની રહેશે. જરૂર જણાયે (M) ૯૦૯૯૨૪૨૮૬ પર સંપર્ક કરવા જણાવાયું છે.

- વાર્તા અને બાળગીતોમાં

રસ ધરાવનાર સર્વેમાટેનો 'ઓનલાઈન વર્કશોપ ઓન ઝૂમ ક્લાઉડ પર' દ્વિદિવસીય વર્કશોપ, નીલકંઠ ઈન્ટરનેશનલ સ્કૂલ,સાણંદ દ્વારા યોજવામાં આવી રહ્યો છે,જેમાંતા.૧-૬-૨૦૨૦ના રોજ સાંજે ૪:૦૦વાગે, જાણીતા વાર્તાકારશ્રી દિકપાલસિંહ જાડેજા દ્વારા 'ચાલો વાર્તા કહેતાં શીખીએ' તથા તા.૨-૬-૨૦૨૦ ના રોજ સાંજે ૪-૦૦વાગ્યે

'બાળગીતોની બારાક્ષરી' વિશે પ્રસિદ્ધ બાળસાહિત્યકાર શ્રી કિરીટ ગોસ્વામી વાર્તાલાપ કરશે. જે અન્વયે www.Neelkanthis.in પર આપેલ લિંક પર જઈ, રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે, જે નિઃશુલ્ક છે. જરૂરી જણાયે (M) ૭૫૭૫૮૦૪૧૪૦ પર સંપર્ક કરવા જણાવાયું છે.

- muljibhaidhadhi@gmail.com, Mo. 9824236893


# જયકૃષ્ણ ઈન્દ્રજી ઠાકર : આપણું સામુહિક ગૌરવ

જયકૃષ્ણ ઈન્દ્રજી ઠાકર (૧૮૪૯-૧૯૩૦)ને યાદ કરીએ ત્યારે કચ્છની ભૂમિને 'બહુરત્ના વસુંધરા' કહેવા માટેનું એક મજબૂત કારણ મળી રહે છે. ડાડા મેકણ, શામજી કૃષ્ણવર્મા અને દુલેરાય કારાણીની આ માતૃભૂમિએ ગુજરાતના પ્રથમ અને દિગ્ગજ વનસ્પતિશાસ્ત્રી જયકૃષ્ણ ઈન્દ્રજીની અમૂલ્ય ભેટ જગતને આપી છે તે નાની સુની ઘટના નથી. એક સકારણ અનુભવી શકાય તેવું ઐતિહાસિક ગૌરવ છે. જયકૃષ્ણ ઈન્દ્રજી આપણાં તેજોમય ઘર દીવડા સમાન છે. જેના ઉજાસનો લાભ વિજ્ઞાનની એક મહત્વની શાખાને નોંધપાત્ર રીતે થયો છે. વનસ્પતિમાં પણ સંવેદનશીલતા છે તેવું સિધ્ધકરનાર જગદીશચન્દ્ર બોઝ (૧૮૫૮-૧૯૩૭)ને આપણે ભલે ઓળખીએ અને તેમના પ્રદાનનું ગૌરવ પણ કરીએ. પરંતુ કચ્છ — સૌરાષ્ટ્ર અને સમગ્ર ગુજરાતના વિદ્યાર્થીઓ આપણાં આગણનાજ ઘેઘૂર વૃક્ષ સમાન જયકૃષ્ણ ઈન્દ્રજીને ઓળખતા અને સમજતા થાય તે જરૂર ઈચ્છનીય છે. આથી ભૂજની 'આરોગ્યમ' સંસ્થા તરફથી ૨૦૧૪માં પ્રકાશિત થયેલી જયકૃષ્ણ ઈન્દ્રજી પરની નાની પુસ્તીકા રસપ્રદ તથા માહિતીદર્શક છે. હરેશ ધોળકિયાએ આ પુસ્તીકાનું સંપાદન કર્યું છે. તેથી સ્વાભાવિક રીતેજ પુસ્તીકાનું ઉચિત્ ધોરણ જળવાયું છે.

ગુજરાતે પુરાતત્વ વિદ્યાના સમર્થ જ્ઞાની ભગવાનલાલ ઈન્દ્રજી (૧૮૩૯-૧૮૮૮) અને જયકૃષ્ણ ઈન્દ્રજીના વિશાળ યોગદાનને સમજવો તથા બીરદાવવો જરૂરી છે. દેશ પરાધિન હતો અને સાધનો ટાંચા હતા ત્યારે આ બન્ને નરરત્નો પોતાના ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત થાય તેવું કાર્ય કરીને ગયા. આ બન્ને મહાનુભાવો એકબીજાથી પરિચિત હતા પરંતુ તેમની વચ્ચે કોઈ સગપણ ન હતું. બન્ને સામાન્ય પરિવારમાં જન્મ લઈને આસમાનને આંબે તેવી ફળદાયી જીવનયાત્રા કરીને ગયા. કવિ કૃષ્ણલાલ શ્રીધરાણીએ લખ્યું છે :

ઉખડેલા નવ આંબા ઊગે
ઘરે ઊગેલા આભે પૂગે.

આપણો દેશ આઝાદ થયો તે પૂર્વે લગભગ એક સદી પહેલા વિજ્યાદશમીના શુભ દિવસે (૧૮૪૯) જયકૃષ્ણનો જન્મ કચ્છના છેવાડાના લખપત તાલુકામાં થયો. લખપત તાલુકામાં અને તે સમયે શિક્ષણની શી આશા રાખી શકાય ? પરંતુ હૈયા ઉકલત તથા એકલવ્યની નિષ્ઠાથી થયેલા અભ્યાસને કારણે ક્રમશઃ જયકૃષ્ણની પ્રજ્ઞામાં વધારો થતો ગયો. કચ્છ પ્રદેશની વનૌષધિઓ તેમજ દરેક નાની મોટી વનસ્પતિનો તેમણે ઊંડો અભ્યાસ કર્યો. ઉપરાંત કચ્છની વનસ્પતિ તેમજ તેની ઉપયોગીતા પર એક ગ્રંથ તૈયાર કર્યો. આ પ્રકારનું અમૂલ્ય દસ્તાવેજીકરણ કરીને જયકૃષ્ણ ઈન્દ્રજી સમાજને તથા ભાવી પેઢીઓને એક ચિરંતન ભેટ આપીને ગયા. મહાત્મા ગાંધીએ યથાર્થ રીતે જયકૃષ્ણને 'ગુજરાતના ભૂષણ' કહ્યા હતા. દેશી રજવાડાઓમાં કેટલાક પ્રગતિશીલ રાજવીઓ સંશોધનને સંબધિત કાર્યોમાં રસ દાખવતા હતા અને તે માટે સુયોગ્ય વ્યક્તિઓની સેવા પણ મેળવતા હતા. પોરબંદરના રાજવીને પોતાના રાજ્યની શોભા સમાન બરડા ડુંગરની વનસ્પતિ વૈભવને ઓળખવાની તથા તેના ગુણધર્મો જાણવાની ઉત્કંઠા હતી. એ પણ એક સુખદ આશ્ચર્ય છે કે બે અંગ્રેજ અમલદારોની સલાહ પરથી પોરબંદરના રાજવીએ જયકૃષ્ણ ઈન્દ્રજીને બોલાવ્યા. ઉપરાંત તેમની નિમણૂંક પોરબંદર રાજ્યના બગીચા તથા જંગલના ક્યૂરેટર તરીકે કરી. જે કામમાં અંતરથી રસ હતો તેવું કામ જયકૃષ્ણને સામેથી આવીને મળ્યું. આ પછી તો તેમની સંશોધકવૃત્તિ મહોરી ઉઠે તે સ્વાભાવિક હતું. બરડા ડુંગરની વનોની વિવિધ વનસ્પતિ તેમજ ત્યાંના માલધારીઓના જીવનનો ઊંડો અભ્યાસ જયકૃષ્ણએ ઉત્સાહ અને નિષ્ઠાથી કર્યો. સુંદર દસ્તાવેજીકરણ થયું. લોકો સુધી પણ આ વનસ્પતિઓની ઓળખ તેઓ પ્રદર્શન જેવા માધ્યમોથી લઈ ગયા. જયકૃષ્ણ ઈન્દ્રજીના યોગદાન માટે તેમને અનેક ઈનામો — એવોર્ડઝ મળ્યા.




પોરબંદરમાં રાજયની સેવામાંથી નિવૃત્ત થયા બાદ તેમણે પોતાના વિશાળ જ્ઞાન તથા અનુભવના આધારે પુસ્તક છપાવવાનો વિચાર કર્યો. આ પુસ્તકને છપાવવા માટે જે નાણાંકીય જરૂરિયાત રહે તેનો પ્રશ્ન થયો. " ગુજરાત વર્નાક્યુલર સોસાયટી " તે સમયે આવા કાર્યોમાં નાણાંકીય મદદ કરતી હતી. આથી જયકૃષ્ણે તેનો સંપર્ક કર્યો. વર્નાક્યુલર સોસાયટી નાણાંકીય મદદ કરવા તો તૈયાર થઈ પરંતુ તે માટે તેણે કેટલીક શરતો મૂકી પરંતુ સ્વમાની જયકૃષ્ણ જુદા મીજાજના માનવી હતા. તેમણે કોઈ શરત સાથેની સહાય સ્વીકારવા પોતાની સંમતિ આપી નહિ. આમછતાં પુસ્તક છપાવીને પોતાના જ્ઞાનનો અનુભવ સમાજને વહેંચવાનો સંકલ્પ તો હતોજ. આથી આ અવધૂતે પોતાની પત્નીના ઘરેણાં ગીરવે મૂકીને પુસ્તક પ્રકાશિત કર્યું. નફાખોટના ત્રાજવે તોળીને નિર્ણય કરે તેવા હિસાબી જયકૃષ્ણ ઈન્દ્રજી ન હતા. વનસ્પતિશાસ્ત્ર તરફનો તેમનો સ્નેહ ગમે તે બલિદાન માટે તૈયાર હતો.

જયકૃષ્ણ ઈન્દ્રજીના જીવનમાં એક મહત્વનો વળાંકએ તેમના પુનઃ કચ્છમાં આગમન સબંધે હતો. કચ્છના મહારાવ ખેંગારજી ત્રીજાના કચ્છ આવવાના નિમંત્રણથી જાણે કે જયકૃષ્ણભાઈના જીવનમાં એક નવી ચેતનાનો સંચાર થયો. 'મુજી માતૃભૂમિને નમન' વાળો વિચાર તેમનામાં ઉત્સાહનો સંચાર કરી ગયો. જયકૃષ્ણભાઈ પૂરા ઉત્સાહ તથા ઉમંગથી કચ્છમાં ફરી વળ્યાં. વગડાના અનેક સ્થળોએથી વનસ્પતિઓ એકઠી કરી અને તેનું પણ સુંદર દસ્તાવેજીકરણ કર્યું. કચ્છની ડુંગર ધારો તેમજ નાના મોટા ઝરાની આસપાસની વનસ્પતિ પણ એકઠી કરી. તેનું શાસ્ત્રીય પધ્ધતિએ વર્ગીકરણ કર્યું. કચ્છની વનસ્પતિઓ અંગે સુંદર પુસ્તક લખ્યું. તેમણે જીવનભર એક શિક્ષકની જેમ અનેક જિજ્ઞાસુઓને વનસ્પતિશાસ્ત્રની જાણકારી આપવાનું લોક ઉપયોગી કામ કર્યું. ભૂજની ધરતી પરથીજ ૧૯૨૯માં ચિરવિદાય લીધી.

આપણાં શહેરી જીવનમાં આપણે વૃક્ષો — વનસ્પતિઓથી દૂર ગયા છીએ. પર્યાવરણની જાળવણી એ વિશ્વ સામેનો આજનો સૌથી મોટો પડકાર છે. આવા સંજોગોમાં વનસ્પતિને ઉત્કટ રીતે સ્નેહ કરનાર આ મનિષીનું જીવન આપણાં નવયુવાનો સુધી પહોંચાડવા જેવું છે. વનસ્પતિ એ માનવજાતના અસ્તિત્વ માટેનું એક મહત્વનું પરિબળ છે તે વાત સમજીને આપણી અન્ય પ્રવૃત્તિઓની ગતિ તથા દિશા નક્કી કરીએ તો તે સમયસરનું ગણાશે.

# ગામડાંના 'વાન' બદલવા ઈસ્પિતાલ કરતાં સફાઈ અને સુવિધા જરૂરી

બાપુએ શિક્ષણનો મહિમા કયારેય ઓછો આક્યો નથી પરંતુ સ્વચ્છતાની વાત આવે ત્યારે ગામડાંઓના બનેલા દેશ એવા હિન્દુસ્તાન અક્ષરજ્ઞાન કરતાં પણ અન્ય અનેક બાબતો એવી તેમણે દર્શાવી કે સમાજજીવનમાં એ વસ્તુઓ જરુરી છે.

ભારતના ગામડાઓમાંની ગંદકીને જોઈને તેઓ સૌથી પહેલાં તો આઝાદીની લડાઈમાં ગંદકી દૂર કરવી એ પહેલો મુદ્દો છે એમ જ સમજાવવા લાગતા હતા. સમર્થ લોક કેળવણીકાર એવા મહાત્મા ગાંધી સ્વચ્છતાની જાળવણી થકી આરોગ્યપ્રદ વાતાવરણ ઊભું કરવાનું શિખ આપતા એવું કહેતા કે 'લોક કેળવણીનો વિચાર કરતાં અક્ષરજ્ઞાનની આવશ્કતાને બહુ જ ગૌણ સ્થાન મળે છે. જીવનનાં મુખ્ય અંગોને સારું અક્ષરને સ્થાન જ નથી એમ કહી શકાય' એવો આત્યંતિક વિચાર તેમણે મૂક્યો હતો. પાછા પોતાના વિચાર પાછળ તર્કબદ્ધ દલીલ એવી કરતાં કે મોક્ષ એ આપણી આત્યંતિક સ્થિત છે. કોણ ના પાડશે કે ઔહિક અને પારલૌકિક મોક્ષને સારું અક્ષરની જરુર નથી, કરોડોના અક્ષરજ્ઞાનને સારું, સ્વરાજ પ્રાપ્તિને સારું આપણે રોકાવું પડે તો સ્વરાજ પ્રાપ્તિ લગભગ અશક્ય જેવી થઈ પડે. અને દુનિયાના મહાન શિક્ષકો જેવા કે ઈશુ ઈત્યાદિને અક્ષરજ્ઞાન હતું એવું કોઈએ કહ્યું નથી.


મહાત્મા ગાંધી આ વાત કરીને અક્ષરજ્ઞાનનું મહત્વ કયાંક ઓછું કરતા હતા એવું નથી પરંતુ અક્ષરજ્ઞાનથી પણ વધુ મહત્ત્વની એવી સામાજિક બાબતોને માત્ર અક્ષરજ્ઞાનના સંદર્ભે ગૌણ ગણાવી લેવામાં આવે એ તેમને રુચતું ન હતું. મહાત્મા ગાંધી આ દેશના ભણેલા-ગણેલા અને માત્ર ને માત્ર વાતો અને ચર્ચા વિચારો થકી સલાહ આપવાનું જે કામ કરતા હતા એમને આડકતરો એવો સંદેશ આપતા હતા કે આપણે ભણેલા છીએ અને ભણતર આપણા સામાજિક ઉત્થાનના કાર્યમાં સામેલ હોવું જોઈએ. કવિ કાગબાપુ ની રચના 'અભણ કેવું યાદ રાખે વ્હાલા, અને ભણેલા ભૂલી ભૂલી જાય' નો ભાવ ગાંધીની આ વાતમાં આપણને ચોક્કસ જોવા મળે છે.

નવજીવન વિચારપત્રની શિક્ષણ અને સાહિત્યની પૂર્તિમાં 'ગામના રોગ' લેકમાં તેઓ સ્પષ્ટ કરે છે કે આ લેખમાળાની કલ્પનામાં અક્ષરજ્ઞાન છેલ્લે આવે છે. તે સાધન છે, સાધ્ય નથી. અક્ષરજ્ઞાનનો સાધન તરીકેનો ઉપયોગ ઘણો છે તે જગજાહેર છે. પણ કામધંધામાં પડેલા, ઉંમરે પહોંચેલા કરોડો ખેડૂતોને સારું ક્યા જ્ઞાનની આવશ્યકતા છે એનો વિચાર કરતા આપણે જોઈએ છીએ કે અક્ષરજ્ઞાનના પહેલા અનેક વસ્તુઓ એવી છે કે જેનું જ્ઞાન તેમને આજે મળી જવું જોઈએ.

> **ઈસ્પિતાલ હોય ત્યાં દરદીઓ તો ભરાવાના જ, તેની ઉપરની એવું અનુમાન ન ખેંચાય કે સાત લાખ ગામડામાં સાત લાખ ઈસ્પિતાલ હોય તો મહાન ઉપકાર થાયઃ ગાંધીની શિખ**

લેખમાળામાં આટલી વાત કર્યા પછી તેઓ ગામડાની વાત કરે છે. તેઓ ભારતના ગામડાંના સામાન્ય રોગ તાવ, બંધકોશ અને ફોડા હોય છે. આ ત્રણેય રોગથી પીડાતા ખેડતોના કામમાં ખલેલ આવે છે. આ ત્રણેય રોગના ઘરઘરાઉ ઈલાજ જાણી લેવાનું જરુરી હોવાનું દર્શાવતા તેઓ કહે છે કે આ વ્યાધિઓની ઉપેક્ષા કરીને આપણે કરોડો રૂપિયાનું નુકસાન ખમીએ છીએ. આ રોગનું નિવારણ બહુ સહેલું હોવા છતાં તે તરફ ધ્યાન અપાતું નથી.

તત્કાલીન ભારતની તે સમયની ગામડાંઓમાં વ્યાપ્ત આ ત્રણ રોગની વ્યાધિઓના શાસ્ત્રીય ઉપચાર દર્શાવતા તેઓ કહે છે જો ગામની સ્વચ્છતા સધાય તો ઘણા રોગો થતા જ અટકે. અને વૈદ્ય માત્ર જાણે છે કે રોગનો સર્વોત્તમ ઈલાજ તેને થતો અટકાવવો એ છે. બદહજમી અટકાવતાં બંધકોશ અટકે; ગામની હવા સ્વચ્છ રાખતાં તાવ અટકે. ગામનું પાણી સ્વચ્છ રાખવાથી અને નિત્ય સ્વચ્છ, પાણીથી નાહવાથી ફોડા અટકે, અને ત્રણે રોગ થઈ આવે તો તેનો સરસ ઉપચાર તો બાપુ બતાવે જ છે, ઉપવાસ.




ગામડામાં ઈસ્પિતાલ હોવી જોઈએ, અથવા તે નહીં તો એક ડિસ્પેન્સરી તો હોવી જ જોઈએ, એવી માન્યતા હું ચોમેર જોઉં છું. મેં તો એવી આવશ્યકતા મુદ્દલ જોઈ નથી. ઘણા ગામોની આસપાસ એવી સંસ્થાઓ હોય તો સારું, ખરું. પણ આવી વસ્તુ મહત્ત્વ આપવા યોગ્ય નથી એમ તેઓ સ્પષ્ટ કરે છે. ઈસ્પિતાલ હોય ત્યાં દરદીઓ તો ભરાવાના જ. તેની ઉપરની એવું અનુમાન ન ખેંચાય કે સાત લાખ ગામડામાં સાત લાખ ઈસ્પિતાલ હોય તો મહાન ઉપકાર થાય.

દરેક ગામડાંનું દવાખાનું, ગામડાની શાળા હોય અને ગામડાનું વાચનાલય હોય તો મહાન ઉપકાર થાય. પણ આ ત્રણેયના મકાનનો વિચાર કરીએ તો એ રીતે બધા ગામડાંને પહોંચવા સારું કરોડો રુપિયા જોઈએ ને ઘણો કાળ વીતે. એટલે લોકશિક્ષણનો ને ગ્રામસુધારણાનો વિચાર કરતાં આપણે દેશની અત્યંત ગરીબાઈને યાદ રાખ્યે જ છૂટકો છે. આવી બાબતો વિશેના આપણા વિચારો આપણે પરદેશોને લૂંટીને ધનાઢ્ય થયેલી પ્રજા પાસેથી ભાડે ન લીધા હોત તો, અને આપણમાં ખરી જાગૃતિ પેદા થઈ હોય તો, ગામડાંના વાન કયારનાં બદલાઈ ગયા હોત.

ગાંધીજી જ્યારે હિન્દુસ્તાનમાં પરત પણ નહોતા આવ્યા એ પહેલા તેમણે એવું સ્પષ્ટ કર્યું હતું ગામડાનું જીવન શ્રેષ્ઠ જીવન છે. કોઈપણ સમાજ કે દેશ નો વિકાસ સમૂહ કાર્ય થી અને સામુદાયિક જીવનથી જ આપણે પામી શકીએ છીએ. આવા વિચાર સાથે તેમણે ભારતના પ્રજાજનોને ઘણું બધું શીખવાનું કામ તેમના સતના પ્રયોગ થકી કર્યું. ગાંધી ના પ્રયોગો એ સમાજ જીવન ના સમસ્યારૂપ પ્રશ્નો ના અંધકારને કાર્યાત્મક વાદી અભિગમ દ્વારા અજવાળવાનું કામ કર્યું છે. વર્તમાન સમયમાં જે મુશ્કેલ પરિસ્થિતિ ને પરિણામે પર્યાવરણની શુધ્ધિ થઈ છે તેને પણ આપણે ટકાવી રાખવી હોય તો ગાંધીના માર્ગે આપણે આયોજન કરવું પડશે. ગામડામાંથી શહેર તરફ રોજગારી અર્થે સ્થાનાંતર હોય કે ભૌતિક સુખ સુવિધા માટે સ્થળાંતર હોય કે પછી સંતાનોના શિક્ષણ માટે શહેરી વસવાટને સ્વીકાર્યો હોય આ તમામ બાબતો ઉપર વિચાર કરીને સ્થાનિકે જ એની જરૂરિયાતો પૂરી કરવામાં આવે તો આપણે ચોક્કસ અત્યારની કોરોનાની વિષમ પરિસ્થિતિ ને તો નાથી શકીશું પરંતુ ભવિષ્યમાં આવનારી આવી કોઈપણ રોગચાળાની મહામારી હોય કે સમાજજીવનની મથામણ હોય આપણે કોઈપણ મુશ્કેલી વગર તેનો સામનો કરી શકીશું. આશા છે આપણે ગાંધી માર્ગે જીવન અપનાવીએ.

**સંદર્ભ : ગાંધીજીનો અક્ષરદેહ, ભાગ : ૪૨, પૃષ્ઠ - ૨૭૪**